માંડવી



ભરૂચ



# વાલોડ તાલુકામાં 2.6 ઈંચ વરસાદ

**વ્યારામાં** 1.6 અને ડોલવણ-સોનગઢ 1-1 ઈંચ પાણી પડ્યું

**ઉચ્છલ,** નિઝર અને કુકરમુંડા સહિતના ત્રણેય તાલુકા કોરાકટ રહેતાં ખેડૂતો ચિંતિત

વ્યારાઃ તાપી જિલ્લામાં સતત બીજા દિવસે વરસાદી માહોલ યથાવત્ રહેતા જિલ્લામાં વાલોડ તાલુકામાં 2.6, વ્યારામાં 1.6 ઈંચ, ડોલવણમાં 1.2 ઈંચ, સોનગઢમાં 1 ઈંચ, જ્યારે ઉકાઈમાં 0.6 ઈંચ વરસાદ પડ્યો હતો. વાલોડ, વ્યારા સહિત જિલ્લાના 5 તાલુકામાં સતત બીજા દિવસે વરસાદી માહોલ યથાવત્ રહેતાં ખેડૂતોને ડાંગરની રોપણી કરવાનો અવકાશ મળ્યો છે ત્યારે ખેડૂતોને રાહત મળી છે. જો કે, બીજી બાજુ જિલ્લાના છેવાડાના ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા સહિતના ત્રણેય તાલુકામાં હજુ સુધી નોંધપાત્ર વરસાદ ન પડતાં ખેડૂતો ચિંતિત બન્યા છે. ડાંગર, જુવાર, તુવેર કપાસ સહિતના પાકની વાવણી નિષ્ફળ જવાની ભીતિ છેવાડાના તાલુકાના ખેડૂતોને સતાવી રહી છે.

## બારડોલીમાં 2.16 ઇંચ વરસાદ

બારડોલી, માંડવીઃ બારડોલી અને માંડવી સહિતના આસપાસના વિસ્તારોમાં મેઘરાજાની કૃપા વરસી હતી. સોમવારે સાંજે 6 વાગ્યે પૂરા થતા 24 કલાક દરમિયાન પંથકમાં બારડોલીમાં 2.16 ઇંચ વરસાદ નોંધાયો છે. ખાસ કરીને સોમવારે સવારે 6થી 8 વાગ્યાના માત્ર બે કલાકના ટૂંકા ગાળામાં જ 22 મિમી જેટલો વરસાદ ખાબકતાં ચારેકોર પાણી-પાણી થઈ ગયું હતું. સવારના ધોધમાર વરસાદ બાદ પણ આખો દિવસ વાતાવરણ વાદળછાયું રહ્યું હતું અને અવિરતપણે હળવા છાંટા પડવાનું ચાલુ રહ્યું હતું. મેઘરાજાની આ કૃપા થતાં જ બારડોલી પંથકના ખેડૂતો ભારે ઉત્સાહ સાથે વાવણીના કામમાં જોતરાઈ ગયા છે. માંડવીમાં વરસાદને લીધે વાતાવરણ ખુશનુમા બની ગયું હતું.

## અંકલેશ્વરમાં સૌથી વધુ 11 મી.મી. વરસાદ

ભરૂચઃ ભરૂચ જિલ્લામાં સોમવારે વાદળછાયું વાતાવરણ રહ્યું હતું અને જંબુસર તથા આમોદ સિવાયના સાત તાલુકાઓમાં વરસાદ ખાબક્યો હતો. 24 કલાક દરમિયાન સૌથી વધુ 11 મી.મી. વરસાદ અંકલેશ્વરમાં નોંધાયો હતો. ઝઘડિયામાં 6 મી.મી., વાગરામાં 8 મી.મી., નેત્રંગમાં 4 મી.મી., જ્યારે હાંસોટ અને વાલિયામાં 2-2 મી.મી. વરસાદ પડ્યો હતો. ભરૂચ શહેરમાં માંડ 1 મી.મી. વરસાદ નોંધાયો હતો. પીંગોટ ડેમમાં પાણીની સપાટી 133.87 મીટર પહોંચતા સંગ્રહ ક્ષમતા 18.21 ટકા થઈ ગઈ છે. બલદેવા ડેમમાં સપાટી 136.25 મીટર સાથે સંગ્રહ ક્ષમતા 25.39 ટકા છે, જ્યારે ધોલી ડેમમાં સપાટી 133.50 મીટર સાથે સંગ્રહ ક્ષમતા 71.06 ટકા ભરાઈ ગયો છે. ઉલ્લેખનીય છે કે, સામાન્ય વર્ષોમાં ઓગસ્ટના પંદર દિવસ સુધીમાં ત્રણેય ડેમ પાણીથી ભરાઈ જતા હોય છે. પરંતુ આ વખતે ચોમાસામાં અપેક્ષિત મુશળધાર વરસાદ ન પડતાં પીંગોટ અને બલદેવા ડેમ ખાલી રહેવાની આશંકા સેવાઈ રહી છે.



# માંડવીમાં સૂર્યપુત્રી તાપી માતાને ૧૦૮ મીટરની ચૂંદડી અર્પણ કરાઈ

**ભજન** સાથે નીકળેલી ભવ્ય ચૂંદડી યાત્રા આકર્ષણનું કેન્દ્ર બની

માંડવીઃ માંડવી ખાતે સોમવારે સૂર્યપુત્રી તાપી માતાનો પવિત્ર જન્મોત્સવ ભારે શ્રદ્ધા, ઉમંગ અને ભક્તિભાવ સભર માહોલમાં ઉજવવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે માંડવી રિવરફ્રન્ટ સ્થિત શ્રદ્ધાળુઓની ભારે ભીડ ઊમટી પડી હતી. જન્મોત્સવના પાવન અવસરે સવારે સાધુ-સંતોની પ્રેરક ઉપસ્થિતિમાં શાસ્ત્રોક્ત વિધિ અનુસાર પૂજા-અર્ચના, સ્મરણ અને મંગળા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક મહોત્સવમાં માંડવી નગરપાલિકાના પદાધિકારીઓ, વિવિધ સામાજિક સંસ્થાઓના પ્રતિનિધિઓએ તાપી માતાના આશીર્વાદ લીધા હતા. ગોપાલનગર સોસાયટી સ્થિત પૂર્વ પાલિકા સભ્ય ભીખુભાઈ ગામીતના નિવાસસ્થાનેથી એક ભવ્ય ચૂંદડી યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભજન-કિર્તનની રમઝટ સાથે નીકળેલી આ યાત્રા ધોબણી નાકા સર્કલ, દશેરાપિયોર અને મેઈન રોડ થઈને તાપી હોળી ઘાટ ખાતે પહોંચી હતી. જ્યાં માં તાપીને ૧૦૮ મીટરની ભવ્ય ચૂંદડી પૂજન-અર્ચન સાથે અર્પણ કરવામાં આવી હતી. સાંજે મહાપ્રસાદીનું આયોજન કરાયું હતું.

### કામરેજમાં તાપી માતાની જન્મજયંતી ઉજવાઈ

કામરેજઃ સુરતની જીવાદોરીસમાન સૂર્યપુત્રી તાપી નદીના જન્મદિવસ નિમિત્તે કામરેજના ધોરણ પારડી ગામ નજીક આવેલા ગાયપગલા તીર્થસ્થાને દત્તાત્રેય દેવાલય ટ્રસ્ટ તથા દત્ત ભક્તમંડળના સાંનિધ્યમાં દેહુર નાવડાના યજમાનપણા હેઠળ તાપી માતાના જન્મ જયંતી મહોત્સવમાં તાપી માતાની પૂજા, અર્ચના તેમજ 551 મીટર ચૂંદડી ઓઢાડવામાં આવી હતી.

### કડોદમાં પૂજા અને મહાઆરતીનું આયોજન

કડોદઃ દક્ષિણ ગુજરાતની જીવાદોરી ગણાતી તાપી નદીનો જન્મદિન હોવાથી સૂર્યપુત્રી તાપી નદીના કાંઠે આવેલા કડોદ નગરે પૂજા અને મહાઆરતીનું આયોજન કરાયું હતું, જેમાં નગર તથા આજુબાજુનાં ગામોના ભક્તોએ ભાગ લીધો હતો. તેમજ તાપી માતાને ચૂંદડી અર્પણ કરવામાં આવી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

### જોળવામાં યુવકની ફાંસો ખાધેલી લાશ મળી

પલસાણાઃ પલસાણાના જોળવા ગામે એક બંધ રૂમમાંથી ૨૫ વર્ષીય શ્રમિક યુવકની ડિ-કમ્પોઝ હાલતમાં લાશ મળી આવી હતી. યુવકે અગમ્ય કારણોસર ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે. ૨૫ વર્ષીય અભિમન્યુ અર્જુનપ્રસાદ કોલ મૃતક મૂળ મધ્યપ્રદેશના રીવા જિલ્લાના ટેઢકલા ગામના અને હાલ જોળવા ગામ ખાતે સરદાર ઇન્ડસ્ટ્રિયલ શિવસાંઇ રેસિડેન્સીના ચોથા માળે રૂમ નંબર ૪૧૨માં ભાડે રહેતો હતો. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઓડિશાના અપહરણના ગુનાનો આરોપી જોળવા પાસેથી ઝડપાયો

પલસાણાઃ ઓડિશાના ખુરડા મોડલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણના એક ગંભીર ગુનામાં પલસાણા પોલીસે જોળવા રેસિડન્સી પાસેથી આ ગુનામાં નાસતા ફરતા આરોપી રોકી વિનોદ નાઇને દબોચી લીધો હતો અને ભોગ બનનારને મુક્ત કરાવાઈ હતી. પોલીસે આરોપી અને ભોગ બનનાર બંનેનો કબ્જો કાયદેસરની કાર્યવાહી માટે ઓડિશા પોલીસને સોંપ્યો છે. આરોપી રોકી વિનોદ નાઇ હાલ જોળવા ગામની જોળવા રેસિડન્સી ખાતે રહેતો અને મજૂરીકામ કરતો હતો.

### કામરેજના નનસાડ રોડ પર પરિણીતાએ ટીબીની બીમારીથી કંટાળી ફાંસો ખાધો

કામરેજઃ મૂળ ભાવનગરના સનાળા ગામના અને હાલ કામરેજના નનસાડ રોડ પર મામાદેવ ચોક નજીક સાજન હોમ્સમાં મકાન નં.83 માં રહેતા વિજયભાઈ બાબુભાઈ ગોહિલની પત્નિ માયાબેન ગોહિલ (ઉં.વ.27)ને દસ વર્ષથી ટી.બી.ની બીમારી હોવાથી વતન ભાવનગર ખાતે દવા ચાલતી હતી. રવિવારે બપોરે માયાબેને પંખા સાથે ઓઢણી બાંધી ફાંસો ખાઈ લીધોલ હતો. કામરેજ પોલીસને જાણ કરતાં પોલીસે અકસ્માત મોત નોંધી પ્રાથમિક તપાસ કરતાં ટી.બી.ની બિમારી સારી ન થતાં આપઘાત કર્યો હોવાનું જણાવ્યું હતું.

### બારડોલીના બાબેનમાંથી યુવતી ગુમ

બારડોલીઃ બાબેન ગામના ગોપાલ નગરમાંથી ૧૮ વર્ષીય ખુશીબેન અખાડે રહસ્યમય રીતે ગુમ થતાં ચકચાર મચી છે. ગત ૧૭ જુલાઈના રોજ સવારે 'દહીં લેવા જાઉં છું' કહીને નીકળેલી યુવતી ઘરે પરત ન ફરતાં પિતાએ બારડોલી ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુમ જાણવા જોગ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

### નેત્રંગના થવામાં જુગાર રમતા ૨ ઝડપાયા

નેત્રંગઃ નેત્રંગ પોલીસે થવા ગામની બેડાકંપની પાસે ઈંડાની લારી પાછળ ચાલતા જુગાર પર દરોડો પાડ્યો હતો. સ્થળ પરથી સંજય પટેલ અને રાહુલ વસાવાને રોકડા રૂ.૧,૩૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જ્યારે અન્ય ૯ આરોપી હરેશ, અજય, વિજય, શત્રુગન, કૌશિક, અરુણ, જિતેન્દ્ર અને પરેશ ફરાર થઈ જતાં પોલીસે તમામ સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

### સેંગપુર ગામેથી 7 જુગારી ઝડપાયા

અંકલેશ્વરઃ અંકલેશ્વરના સેંગપુર ગામ ખાતેથી રૂરલ પોલીસે જુગાર રમતા સાત જુગારીની ધરપકડ કરી રૂ.39 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે નિશાર કાલુ શેખ, ઇશાક ઉસ્માન શેખ, ઉસ્માન અબ્બાસ પઠાણ, અસલમ નશરુદ્દીન પઠાણ, હનીફ અબ્બાસ શેખ, રસુલ અબ્દુલ પઠાણ અને રફીક ગફુર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કાયમી મામલતદારના અભાવે માંગરોળનાં 84 ગામના લોકો પરેશાન

**20 કિલોમીટર** દૂરના મામલતદારને કામચલાઉ ચાર્જ અપાતાં જનતાની હાલત કફોડી




ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ સુરત જિલ્લાના અતિ મહત્ત્વપૂર્ણ, વિશાળ અને આદિવાસી બહુલ એવા માંગરોળ તાલુકામાં કાયમી અને ફુલટાઈમ મામલતદારની નિમણૂક કરવાની પ્રબળ માંગ ઊઠી છે. હથોડા સહિત માંગરોળ તાલુકામાં અંદાજે ૯૪ જેટલાં ગામોનો સમાવેશ થાય છે, પરંતુ અગાઉના મામલતદારની બદલી બાદ આ જગ્યા ખાલી પડી છે. હાલમાં ઈનચાર્જ/કામચલાઉ વ્યવસ્થા તરીકે અરેઠ તાલુકાના મામલતદારને માંગરોળનો વધારાનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જેથી જનતાની હાલત માં મને કોઠીમાંથી કાઢ જેવી થઈ છે.

અરેઠ અને માંગરોળ તાલુકા વચ્ચે નોંધપાત્ર અંતર હોવાથી તેમજ બંને તાલુકાના વહીવટી ભારને કારણે અધિકારી માટે સમયસર હાજરી આપવી મુશ્કેલ બની રહી છે.

પરિણામે મહેસૂલી કામગીરી, જમીન સંબંધી પ્રશ્નો, વારસાઈ, બિનખેતી (NA) મંજૂરીઓ, વિવિધ પ્રમાણપત્રો અને સરકારી યોજનાઓના અમલીકરણમાં મોટો વિલંબ થઈ રહ્યો છે. જેના કારણે ખેડૂતો, વિદ્યાર્થીઓ, વેપારીઓ અને સામાન્ય નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે.

જાહેર હિતને ધ્યાનમાં રાખીને આદિવાસી હિતરક્ષક સમિતિ દ્વારા મામલતદાર કચેરી ખાતે કરાયેલી રજૂઆતમાં જણાવાયું છે કે, માંગરોળ તાલુકામાં કાયમી અને ફુલટાઈમ મામલતદારની તાત્કાલિક નિમણૂક કરવામાં આવે, વધારાના ચાર્જવાળી કામચલાઉ વ્યવસ્થાને બદલે સ્વતંત્ર વહીવટી માળખું ઊભું કરાય તેમજ નાગરિકોને સમયસર અને સરકારી સેવાઓ સરળતાથી મળી રહે એ માટે જરૂરી પગલાં લેવામાં આવે. સ્થાનિક નાગરિકો અને રજૂઆતકર્તાઓએ આશા વ્યક્ત કરી છે કે સુશાસન અને પ્રજાકીય હિતને પ્રાધાન્ય આપી વહીવટી તંત્ર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં આવશે.

# સોલાર પ્લાન્ટમાંથી કોપર વાયર ચોરી કરતી ગેંગના ૩ ઝડપાયા

**માંગરોળના** રાયઝોન ગ્રીન એનર્જી પ્લાન્ટમાં ચોરી કરી હતી

**૭૦ કિલો** કોપર તાર, ઈકો કાર અને મોબાઈલ ફોન જપ્ત કરાયો



ઈબ્રાહીમ કાનુ, ઈલ્યાસ શેખ

હથોડા, પલસાણાઃ સુરત LCBએ માંગરોળના નંદાવ અને વેલાછામાં આવેલી 'રાયઝોન ગ્રીન એનર્જી'ના સોલાર પ્લાન્ટમાંથી થયેલી કોપર વાયરની ચોરીનો ભેદ ગણતરીના દિવસોમાં ઉકેલી નાંખ્યો છે.

પેટ્રોલિંગ દરમિયાન મળેલી ખાસ બાતમીના આધારે પોલીસે સાવા રોડ પર શીતલ હોટલ નજીક દરોડો પાડ્યો હતો. જ્યાંથી ઈકો કાર અને લારીવાળા બાઈક સાથે ચોરીનો માલ વેચવા ઊભેલા ત્રણ ઈસમને રંગેહાથ ઝડપી લેવામાં આવ્યા હતા. પકડાયેલા આરોપીઓમાં નિતેશ ફૂલજીભાઈ વસાવા (ઉં.વ.૨૮) (રહે., મોટી પારડી ગામ, તા.માંગરોળ), મેહુલ શંકરભાઈ વસાવા (ઉં.વ.૨૫) (રહે., મોટી પારડી ગામ) અને ચોરીનો માલ ખરીદનાર આકિલખાન શરીફખાન ફકીર (ઉં.વ.૨૪) (રહે.,કુંવરદા) નો સમાવેશ થાય છે. આરોપીઓએ સોલાર પ્લાન્ટમાંથી કેબલ ચોરી, તેને સળગાવીને અંદરથી કોપર તાર કાઢ્યો હોવાની કબૂલાત કરી છે. પોલીસે સ્થળ પરથી ૭૦ કિલો કોપર તાર (કિંમત ૭૦,૦૦૦), ૩ મોબાઈલ, ૧૫,૦૦૦ રોકડા, ઈકો કાર અને મોટરસાઈકલ મળી કુલ ૨,૮૦,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં ચોરીમાં સામેલ તુષાર મુકેશભાઈ વસાવા અને અગાઉ ચોરીનો અડધો માલ ખરીદનાર અરબાઝખાન શરીફખાન ફકીરને વોન્ટેડ જાહેર કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

### સોનગઢના વિરથવામાં વિદેશી દારૂ સાથે બોલેરો પિકઅપ ઝડપાઈ

સોનગઢઃ સોનગઢ પોલીસની ટીમે બાતમીના આધારે વિરથવા ગામના ફાટા નજીક સઘન વાહન ચેકિંગ દરમિયાન વિદેશી દારૂનો મોટો જથ્થો ભરેલી બોલેરો પિકઅપ નં.(GJ-26-U-0785) ઝડપી પાડી છે. પોલીસે સ્થળ પરથી દારૂ અને બિયરના જંગી જથ્થા સાથે ૩ આરોપીઓ કૈલાસચંદ્ર ગુર્જર (રહે.,લસકાણા), ગેહરૂ ગુર્જર (રહે.,ભભાણા ગામ, રાજસ્થાન) અને સાવરીયાલાલ ગુર્જર (રહે.,કામરેજ)ની અટકાયત કરી હતી. આ હેરાફેરી માટે આરોપીઓ પાસે કોઈ માન્ય લાઇસન્સ કે પરમિટ ન હતી. આ ગુનામાં સંડોવાયેલા અન્ય બે ઈસમ અનિલભાઈ ભાવર અને સુનીલભાઈ ફરાર હોવાથી પોલીસે તેમને વોન્ટેડ જાહેર કર્યા છે.

### જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ તાલુકા બારડોલી, મોજે બમરોલી ના બ્લોક/સર્વે નં. ૧૩૮ વાળી જુની શરતની ખેડખાતાની જમીન મધુબેન રમેશભાઈ દેસાઈ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ નં. ૧૬૮૬ તા. ૧૯/૬/૨૦૦૬ થી માલીક, મુખત્યાર તથા કબજેદાર થયેલા છે. અને તેની રૂએ તેમનો સદરહુ જમીનનો એકલીનો સ્વતંત્ર માલીકી હકક અને પ્રત્યક્ષ કબજો ભોગવટો ચાલી આવેલ છે અને તે જમીનના અનુસંધાને તેઓએ હમારી પાસે ટાઈટલ રીપોર્ટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં જો કોઈનો કોઈપણ જાતનો હકક, હિસ્સો કે લાગભાગ કે અન્ય કોઈપણ જાતના હકકો હોય તો તે અંગેના પુરાવા સહિત હમો નીચે સહી કરનારને દિન-૧૦ માં મોકલી આપવા. ત્યારબાદ, કોઈના કોઈપણ જાતના હકક, હિસ્સા કે લાગભાગ નથી અને જે કાંઈ હતા તે જતા કરેલા છે તેમ માની મધુબેન રમેશભાઈ દેસાઈને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તરતકરાર ચાલશે નહીં. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓઃ ૭૧, ઈશ્વરનગર સોસાયટી, ઉધના મગદલ્લા, ભટાર રોડ, સુરત

મારી મારફત : ઉષ્મા પટેલ (એડવોકેટ)

### -: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટના મોજે સચીનના રે. સર્વે નં. ૫૦૩, ૫૦૪, ૫૦૫, જેનો બ્લોક નં. ૪૨૩ થી નોંધાયેલી બીનખેતીની જમીનમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.: ૪૦ વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ ૫૨.૫૫ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન સરફરાજ અહમદ સઈદભાઈ શેખની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ તથા પ્લોટ નં.: ૪૧ વાળી મીલકત, જેનું ક્ષેત્રફળ ૫૨.૫૫ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી જમીન સૈયદ ફીરોજ ફકીરાની સ્વતંત્ર માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થામાં ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે આજદિન સુધી સદરહુ જમીન કોઈ કોર્ટની જપ્તી, ટાંચ કે મનાઈમાં નથી કે તે અંગે કોઈપણ નોટીસ બજેલ નથી કે મજકુર જમીન દીવાની કે રેવન્યુ અદાલતના કોઈ પ્રકરણમાં સંડોવાયેલી નથી કે તે કોઈ કોર્ટ કચેરીના પ્રકરણમાં દાવાનો વિષય નથી કે સદરહુ જમીન અંગે કોઈપણ વ્યકિત, સંસ્થાને સાટાખત, વીલ, બક્ષીસ કે એવા કોઈપણ પ્રકારના વેચાણને લગતાં લખાણો આજદીન સુધી કરી આપેલ નથી. ટુંકમા સદરહુ જમીન સંપુર્ણ ટાઈટલ કલીયર છે તેવુ જણાવી સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે તેમ છતાં સદરહુ જમીન ઉપર કોઈપણ બેંક, સંસ્થા, વ્યકિત, વારસદારો યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દરદાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી અમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ/લખાણ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સ્થળઃ સુરત, તા.૨૦/૦૭/૨૦૨૬
ઓફીસ : ૪૨૧/એ, સ્કવેર વન કોમર્શીયલ, અલથાણ ભીમરાડ કેનાલ રોડ, અલથાણ, સુરત. મો.૯૯૦૯૮ ૯૬૯૭૦ / ૯૭૨૭૩ ૮૯૬૮૭

સની એ.કદમ
મહેશ આર. મોરે
તે ખરીદનારના એડવોકેટ્સ

### જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનુ કે ડીસ્ટ્રીકટ સુરત, સબ ડીસ્ટ્રીકટ અડાજણ (સુરતસીટી)ના મોજે ગામ કોસાડના રેવન્યું સર્વે નંબર ૩૮૮-૧, તેના બ્લોક નંબર ૬૦૬, તેના ટી.પી. સ્કીમ નંબર ૮૩, (વરીયાવ-કોસાડ) ફાયનલ પ્લોટ ૨૪૭, થી નોધાયેલ ખેતીની જમીન જેનુ રેવન્યુ રેકર્ડ મુજબનું ક્ષેત્રફળ હે.આરે.૧-૪૨-૬૫ ચો.મી. જેના તેમજ તેના ફાયનલ પ્લોટ મુંજબનું ક્ષેત્રફળ ૮૫૫૯.૦૦ ચો.મી. વાળી જમીન મીલકત (૧)છગનભાઈ ભગાભાઈ (૨) રંજનબેન તે મંછુભાઈ પટેલની પુત્રી અને છગનભાઈ પટેલની પત્ની, (૩) બળવંતભાઈ મંછુભાઈ પટેલ (૪)ઉષાબેન તે મંછુભાઈ પટેલની પુત્રી અને મનહરભાઈ પટેલની પત્ની, (૫)નયનાબેન તે મંછુભાઈ પટેલની પુત્રી (૬) ભાવિનકુમાર ડાહ્યાભાઈ પટેલ (૭)અનિલકુમાર ડાહ્યાભાઈ પટેલ (૮)ખુશબબેન તે હસમુખભાઈ પટેલની પુત્રી અને અંકીતકુમાર પટેલની પત્ની (૯)દિવ્યા તે હસમુખભાઈ પટેલની પુત્રીની પોતાની સ્વતંત્ર માલીકી અને કબજા ભાગવટાની હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી મજકુર જમીનો પરત્વે કોઈપણ વ્યકિત, સંસ્થા યા અન્ય કોઈનો કોઈપણ પ્રકારે લાગ, ભાગ, વારસાઈ હકક, હીત કે દર દાવો હોય યા મજકુર જમીનો કે તે પૈકી કોઈ જમીન વેચાણ રાખ્યા અંગેનું કોઈ લખાણ હોય તો તેમણે દિન-૭ માં લેખીત પુરાવા સહીત હમોને જાણ કરવી. જો તેમ કરવામાં નહી આવે તો મજકુર જમીનો પર કોઈનો હકક, હિત, દાવો નથી અગર હોય તો તે જતો કર્યો છે એમ માની હમારા અસીલ તે અંગે રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. તેમા પાછળથી કોઈની તર તકરાર ચાલશે નહી, જેની નોંધ લેવી.

ઓફીસ : પહેલો માળ, લક્ષ્મી વિલા, પેટ્રોલ પંપની સામે, લંબે હનુમાન રોડ, સુરત. મો. ૯૮૨૫૪ ૧૬૮૧૭.

અમારી મારફતે
અશ્વિન જે. વઘાસિયા
એડવોકેટ & નોટરી

### જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, તાલુકા ઓલપાડ મોજે **ગામ : અટોદરા** ના **બ્લોક નંબર : ૩૧૭/૪** વાળી બિનખેતી પ્રિમીયમને પાત્ર ખેતીની જુની શરતની જમીન જેનું ક્ષેત્રફળ હે.આરે. ૦-૩૯-૦૦ચો.મી. યાને ૩૯૦૦.૦૦ચો.મી. છે. જેનો આકાર રૂા.૬-૦૪પૈ. વાળી જમીનના માલીકો/કબજેદારો **(૧) વિજયાબેન તે કનૈયાલાલ બાવજીભાઈ પરમારની વિધવા તથા (૨) તેજશ કનૈયાલાલ પરમાર ચાલી આવેલા છે.** મજકુર માલીકોએ બોજારહિત સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. સબબ સદરહુ જમીન અંગે યા તેના કોઈ પણ ભાગ, હિસ્સા અંગે કોઈ પણ વ્યકિતના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા, દરદાવો, લાગભાગ હોય યા કોઈ પણ સંસ્થા કે બેંકના બોજા હોય તો તેઓએ તે અંગેના લેખીત પુરાવા સહિત અમોને **દિન-૦૭** માં જાણ કરવી. સદર મુદ્દત દરમ્યાન કોઈના કોઈ પણ પ્રકારના હકક, હીત, હીસ્સા વાંધા વિરોધ નોંધાવવામાં ન આવે તો મુદ્દત વિત્યા બાદ સદર જમીન સંદર્ભે કોઈના કોઈ પણ પ્રકારના વાંધા વિરોધ ચાલી આવેલ નથી અને જો હોય તો તે જતા કરેલ છે, તેવું માની અમારા અસીલ મજકુર માલીકો કનેથી સદરહુ જમીનનો રજીસ્ટર્ડ પાકા વેચાણ દસ્તાવેજો/લખાણો કરી કરાવી લેશે, તેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૨૧/૦૭/૨૦૨૬
ઓ. સાંઈ દૃષ્ટિ બીલ્ડીંગ, ૧૦૧, પ્રથમ માળ, બમનજીની શેરી, સુરતી મોઢવણીકની વાડી પાસે, રૂઘનાથપુરા, સુરત.

કનૈયાકુમાર એમ. ગ્લાસવાલા
જુગલ વિનોદચંદ્ર ગ્લાસવાલા
એડવોકેટસ

### વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસી મોજે ગામ **પુણા** રે.સ.નં. ૫૦૫ **બ્લોક નં. ૫૩૪**થી નોંધાયેલ જમીનમાં **"અયોધ્યાનગર સોસાયટી વિભાગ-એ"** ના **પ્લોટ નં. એ/૧૫૩** જેનું ક્ષે.૧૮X૩૫ ફુટ યાને ૬૩૦ ચો.ફુટ યાને ૭૦.૦૭ ચો.વાર યાને ૫૮.૫૯ ચો.મી છે તે મિલકત **ના માલીક કમલેશભાઈ રમેશભાઈ નાડા,** ના નામે રેવન્યુ રેકર્ડ દફતરે આજદિને ચાલે છે. તેઓ સદરહું મિલકતના સ્વતંત્ર અને સંપુર્ણ માલીક, પ્રત્યક્ષ કબજેદાર હોવાનું તથા સદરહું મિલકત ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈલવાળી હોવાનું જણાવી તથા તમામ કાયદાકીય પરવાનગીઓ મેળવી હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો કે લીયન હોય કે કોઈ બેન્કનો અથવા અન્ય વ્યકિત કે સંસ્થાનો ગીરો હોઈ તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭(સાત)** માં તે બાબતના **પુરાવા સહિત** અમોને નીચેના સરનામે લેખીત જાણ કરવી અને તેમ કરવામાં કસુર થશે તો અમારા અસીલ સદરહું જ મિલકતમાં કોઈપણ વ્યકિત, ઈસમ કે સંસ્થાનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે લાગ-ભાગ, દર-દાવો નથી અને જો હોય તો તે આથી જતા કર્યા છે એમ માનીને સદરહું મિલકતનો કિંમતી વેચાણ અવેજ ચુકવી વેચાણ દસ્તાવેજ તથા અન્ય કાયદેસરના લખાણો ઉપરોકત મિલકત માલીક પાસેથી કરાવી લેશે. ત્યારબાદ, કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની આથી લાગતાં-વળગતાં તેમજ જાહેર જનતાએ નોંધ લેવી. (સ્થળ : સુરત તા.૨૦-૦૭-૨૦૨૬)

સરનામું : ૩૫૬, અભીષેક આર્કેટ, ચીકુવાડી-ધનલક્ષ્મી રોડ, અનુપમ આર્કેટની પાછળ, યોગી ચોક, સુરત. મો.૯૦૮૧૫ ૩૩૮૬૮

વિશાલ એમ. તળાવીયા
તે ખરીદનારના એડવોકેટ

### વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ-ડીસ્ટ્રીકટ ના મોજે ગામ-**પાલી** ના **સ.નં.૫૮/૧, બ્લોક નં. ૫૨**થી નોંધાયેલ જમીન જેનુ ક્ષેત્રફળ ૧૨૩૪૩ ચો.મી. ના માપ વાળી બીનખેતીની જમીન પૈકીની દક્ષિણ દિશા તરફની સંજ્ઞા બી થી નોંધાયેલી ૨૩૭૮ ચો.મી. ના ક્ષેત્રફળ વાળી જમીનમાં આયોજન કરવામાં આવેલ **નારાયણનગર સોસાયટી**મા પાડવામાં આવેલા પ્લોટો પૈકી ખુલ્લો **પ્લોટ નં.૬૦ તથા ૬૧** કે જે દરેકનું ક્ષેત્રફળઃ ૧૨ × ૩૫ = ૪૨૦ ચો.ફુટ યાને ૪૬.૬૭ સમ ચો.વાર યાને **૩૯.૦૩ ચો.મી. મળી કુલ્લે ૭૮.૦૬ ચો.મી. વાળી બાંધકામ સહિતની મિલકતો વિનોદકુમાર ધર્મચંદ**ની સ્વતંત્ર માલીકી, કબજા-ભોગવતાની ચાલી આવેલ હોવાનું જણાવી સદરહુ મિલકતો તેઓએ હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી આ જાહેર નોટીસથી જણાવવાનું કે સદરહુ મિલકતોમાં જે કોઈ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ જાતનો લાગભાગ, હકક-હિસ્સો તેમજ લેણું હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭માં લેખીત પુરાવા સહીત અમોને રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના તેવા હક્કો નથી યા તેમણે છોડી દીધા છે તેમ ગણી અમારા અસીલ તેઓ પાસેથી જરૂરી લખાણો કરાવી લેશે. પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહી તેની સર્વેએ નોંધ લેવી.

તા. ૨૧-૦૭-૨૦૨૬
ઓફિસ : ૩૧૪, ૩૧૫, ક્રિષ્ના કોમ્પલેક્ષ, બીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત.
મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦.
ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે ખરીદનારના એડવોકેટસ

### :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ પુણા, **મોજે ગામ : નવાગામનાં રેવન્યુ નંબર : ૨/૩, ક્ષે. ૩૫૪૧ ચો.મી., જેનો સીટી સર્વ વોર્ડ : નવાગામ, સીટી સર્વે નંબર ૪૪૬. ક્ષેત્રફળ ૩૫૪૧,** જેનો **ટી.પી.સ્કીમ નંબર : ૪ (અશ્વનીકુમાર-નવાગામ), ફા. પ્લોટ નંબર : ૧૪૧,** જેનું ફા. પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૩૫૪૧ ચો.મી. વાળી બીનખેતીની જમીનના માલિકો પૈકી **પ્રીત શૈલેષભાઈ ઝવેરી, પુનીતા કિરીટભાઈ મોરબીયા, નીરવ વિનોદચંદ્ર શાહ, હિતેશ ઠાકરસિંહભાઈ સાકરીયા**નો વણવહેચાયેલા ૧૦% હિસ્સો યાને ૩૫૪.૧૦ સ.ચો.મી. જમીનના માલિક ચાલી આવેલ છે. તેઓના જણાવ્યા મુજબ તેઓ તથા સહહિસ્સેદાર સિવાય અન્ય કોઈપણ માલિકો, કબજેદારો, વંશ-વાલી વારસદારો, હકકદારો નથી તથા મજકુર જમીન તેઓના વહીવટ, વ્યવસ્થા હેઠળ ચાલી આવેલ હોવાનું તેમજ બીન તકરારી, નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તેઓના વણવહેંચાયેલા ૧૦% હિસ્સો યાને ૩૫૪.૧૦ સ.ચો.મી. જમીન અમારા અસીલને વેચાણથી આપવા નકકી કરેલ છે. તેમ છતાં મજકુર જમીન ઉપર અન્ય કોઈ વંશ-વાલી વારસદારો, મુળ ખેડુતો, માલિકો, ભાડુઆતો કે કોઈ વ્યકિત, ઈસમ, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક, હિસ્સા, દર-દાવા, તર-તકરાર, કોલ-કરાર, જાતી, અવલ જપ્તી, લેણું-બોજા, સોદાચીઠ્ઠી, સાટાખત, પાવર ઓફ એટર્ની, કબજા કરાર તથા મજકુર જમીનની ચર્તુદિશામાં આવેલ લાગુ જમીનના માલિકોના માર્જીન કે કોઈપણ પ્રકારના વપરાશી કે ઈઝમેન્ટ વિગેરે જેવા કોઈપણ હકક સમાયેલા હોય કે મજકુર જમીનમાં સગીરનાં હકક પોષાતા હોય તો તેઓએ કાયદેસરના લેખિત દસ્તાવેજી પુરાવાઓ સાથે અમોને નીચેના સરનામે દિન-૭ માં જણાવી, રૂબરૂ મળી ખાત્રી કરાવવી. મુદત વિત્યે મજકુર જમીનમાં કોઈપણ વંશ-વાલી વારસો, વ્યકિત, ઈસમ કે સંસ્થાના કોઈના કોઈપણ પ્રકારના હકકો નથી તેમ સમજી મજકુર મિલકત તદ્દન નકરજી નબોજી તથા ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી જાણી અમારા અસીલ કિંમતી અવેજ ચુકવી કાયદેસરના કરારો તથા વેચાણ દસ્તાવેજો કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર-તકરાર રહેશે નહી. જેની નોંધ લેવા વિનંતી.

રહે. ૯૫, ગોવિંદપાર્ક સોસાયટી, ઉત્રાણ લેક ગાર્ડન સામે, ઉત્રાણ, સુરત. મો. ૯૯૨૪૭ ૩૦૬૭૭ (તા. ૨૧/૦૭/૨૦૨૬)

લખન એમ. નગરાળે
એડવોકેટ